R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-23 • ISSUE: 19 DATE: 10-05-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭


## કેરાલામાં ત્રણ ચર્ચો પર હુમલો,ખ્રિસ્તી સરઘસને હિંદુ કટ્ટરવાદીઓએ અટકાવ્યું

સેંટ.સેબાસ્ટીયન,સેંટ એન્થોની કેથોલીક ચર્ચ,મુરકંડ ખાતે યોજાનાર ફીસ્ટને કારણે એક સરઘસનું આયોજન ખ્રિસ્તીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયન વેબસાઈટના જણાવ્યા પ્રમાણે, ચર્ચના સત્તાવાળાઓએ જે મંદિર પાસેથી સરઘસ જવાનું હતું તે માટે મંદિરના સત્તાવાળાઓ પાસેથી રજામંદી મેળવી હતી.અને આ રીતની રજામંદી વર્ષોથી મેળવાય છે અને કોઈપણ અશાંતિ વગર આ સરઘસ નિકળે છે,અને ઉજવણી થાય છે.આ પેરીસ ત્રીચુર સાયો મલબાર આર્ચબિશપ ડાયોસીસ હેઠળ આવે છે.

જ્યારે આ સરઘસ તેના નિયત સમયે નિકળ્યું ત્યારે કેટલાક હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા મંદિર પાસે તેને રોકી તેમાં વિરોધ કરવામાં આવ્યો હતો જેને પોલીસે અટકાવ્યો હતો.પોલીસે બળપુર્વક વિરોધીઓને હટાવ્યા હતા અને પરિણામે કેટલાકને ઈજા પણ પહોચી હતી.પોલીસે વિરોધ કરનારા પૈકી ૨૨ વ્યક્તિઓની ધરપકડ પણ કરી હતી.વિરોધ કરનારાઓએ જણાવ્યું હતું કે મદિર સત્તાવાળાઓ આપેલ પરમીશન પાછળથી રદ કરી દેવાઈ હતી.તેથી તેઓએ તેનો વિરોધ કર્યો હતો.પોલીસ આ ખોટા વિરોધને માન્ય કર્યો નહોતો કારણકે આ સરઘસ મંદિર સત્તાવાળાઓની રજામંદી બાદ જ નિકળ્યુ હતું.

આ ઘટના બન્યા બાદ ત્રણ ચેપલ્સ જે ઈરીનજાલાકુડા ડાયોસીસની હદમાં આવે છે તેને ગત રાત્રીમાં કેટલાક કટ્ટરવાદીઓ દ્વારા તોડફોડ કરવામાં આવી હતી.અને તેનું કારણ એ દર્શાવવામાં આવ્યુ હતું કે તેઓની સામે પોલીસે ખોટી કાર્યવાહી કરી હતી તેનો આક્રોશ વ્યક્ત કરાયો હતો.કેટલાક સમય પહેલા પણ કેટલાક હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા ચર્ચનું વે ઓફ ક્રોસ પ્રોસેસન જે એપ્રીલ ૧૧ ના રોજ કાઢવામાં આવ્યુ હતું તેને અવરોધમાં આવ્યુ હતું.કોઈપણ જાતના કારણો સિવાય શાંતિ ભંગ કરવામાં આવ્યો હતો.આ ડાયોસીસના પ્રવક્તા ફાધર જોજુ કુટીકડે જણાવ્યું હતું કે આ બાબતની ફરિયાદ જે તે પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. જો કે પોલીસે જણાવ્યું હતું કે મોરકંડમાં શાંતિપુર્ણ વાતાવરણ ચાલી રહ્યું છે.અને પરિસ્થિતિ કંન્ટ્રોલમાં છે.તેવું બિઝનેસ સ્ટાન્ડડના રીપોર્ટમાં જણાવાયુ હતું.

## બ્રિટીશ પાકિસ્તાની ખ્રિસ્તીઓ દ્વારા ધર્મનિંદાના કાયદાનો ડાઉનીંગ સ્ટ્રીટ ખાતે વિરોધ




અનુ પાન નં. ૨ ઉપર

## કોગ્રેસના ચુંટણી ઢંઢેરામાં દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને શિડ્યુલ કાસ્ટની માન્યતા આપવાની બાબતનો સમાવેશ



ખ્રિસ્તી નેતાગીરીએ જેમાં રેવ ડો.રોજર ગાયકવાડ, જનરલ સેક્રટરી,એનસીસીઆઈ,મી.સેમ્યુલ જયકુમાર, એક્ઝીક્યુટીવ સેક્રેટરી, કમિશન ઓન પોલીસી,ગર્વનન્સ એન્ડ પબ્લીક વિટનેસ, એનસીસીઆઈ, વિગેરેએ કોગ્રેસ પક્ષે લોકસભાની ચુંટણીને અનુલક્ષની ચુંટણી ઢંઢેરો બહાર પાડ્યો હતો તેમાં દલિત ખ્રિસ્તીઓ અન મુસ્લીમોને શિડ્યુલ કાસ્ટના દરજ્જાને માન્યતા આપવા બાબતે પોતાની સહમતી જાહેર કરી હતી.કેટલાક દિવસો પહેલાં આ સબ મેનીફેસ્ટો બહાર પાડવામાં આવ્યો હતો જેમાં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.જેમાં એમ જણાવાયું હતું કે હિંદુ શિડ્યુલ કાસ્ટ અને બીજા જે પ્રકારના અધિકારો બંધારણમાં અપાયા છે તેજ પ્રમાણેના અધિકારો દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને મળે માટે કોગ્રેસ પક્ષની સંમતિ છે.હાલના કાયદામાં આ જોગવાઈ નથી.

દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોના સંગઠનો કેટલાક વર્ષોથી તેમને આ હક્ક મળે માટે સરકાર પાસે માંગણી કરી રહ્યા છે.આ ઉપરાંત રંગનાથ મિશ્રા કમિશને પણ આ હક આપવા માટે ભલામણ કરેલી છે.ડો. ગાયકવાડે જણાવ્યું હતું કે અમો રાહ જોવા તૈયાર છીએ,જો કોગ્રેસ વિરોધ પક્ષમાં હશે તો પણ,તેમજ અમોને એ ગમશે કે તેઓ અમારી માંગણીને ટેકો આપશે.નામદાર કોર્ટે સરકારને આ બાબતે તેમનો મત જણાવવા કહ્યું હતુ પરતું સરકાર મૌન રહી હતી.૨૦૧૩ ડિસેમ્બરમાં દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમો તેમના અધિકાર માટે કાઢેલી રેલીને પોલીસ માર પણ માર્યો હતો.ડો. જોન દયાલ, સેક્રટરી જનરલ,ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલે જણાવ્યું હતું કે સરકાર પાસે કહેવા માટે કંઈ નથી.પરંતુ તેઓ એસસીને એમ કહેશે કે દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને બંધારણીય અધિકાર જે પ્રમાણે હિંદુ દલિતો,શીખ અને બુધ્ધિષ્ઠો ને મળ્યા છે તે પ્રમાણે મળશે.

ગત ડિસેમ્બરમાં બધાજ ખ્રિસ્તી નેતાઓએ ભેગા મળીને આ માંગણી કરી હતી.પરંતુ તેઓની પર આ જ સરકારે લાઠી ચાર્જ કર્યો હતો, વોટર કેનનથી પાણીનો મારો ચલાવ્યો હતો.અને ધરપકડ કરી હતી. પરંતુ વડાપ્રધાને આ બાબતે કંઈક કરવાની આશા આપી હતી.એ પ્રમાણે કોગ્રેસે પોતાની નિતી બદલી પણ છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

૨૦૧૪માં યોજાયેલ લોકસભાની ચુંટણી ભારતને આઝાદી મળ્યા બાદ થયેલ ચુંટણીઓમાં એક નોખા પ્રકારની ચુંટણી બની રહી છે.કોગ્રેસે કેટલાક દસકાઓ સુધી રાજ્ય કર્યા પછી,વિરોધ પક્ષોને સત્તા સ્થાને બેસવાનો મોકો મળ્યો. અને આ સત્તાનો સ્વાદ એવો લાગ્યો કે કોઇ પણ પ્રકારે સત્તા પર બેઠેલાને ગબડાવીને સત્તા હાંસલ કરવાની મુરાદે ચુંટણીનો માહોલ વિચિત્ર બનાવી દીધો.આ ચુંટણીમાં બધાજ સારા નરસા વિવેકોને ભુલાવી દેવાયા અને માત્ર ને માત્ર ચુંટણી જીતવાના જંગ માટે ગમે તેમ કરી શકાય તેવું સાબિત કરી દેવાયું.ભારતીય જનતા પાર્ટીનું અસ્તિત્વ કેટલાક રાજ્યો પુરતું હતું પરંતુ આ વખતના ચુંટણી પ્રચારે ભારતીય જનતા પાર્ટીને દેશના ખુણે ખુણે પોતાનો વ્યાપ વધારી દીધો તેમાં લેશ માત્ર શક નથી.ભારતીય જનતા પાર્ટીના અટલ બિહારી બાજવાઇ બાદ નરેન્દ્ર મોદીએ ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં પલ્લુ નમાવ્યું તેનો કોઇ અસ્વીકાર કરી શકે તેમ નથી.

---

અનુ. પાન નં ૧ નુ ચાલુ.

બ્રિટીશ પાકિસ્તાની ખ્રિસ્તીઓ દ્વારા બ્રિટનના વડાપ્રધાનની ઓફીસ ડાઉનીંગ સ્ટ્રીટ ખાતે પાકિસ્તાનમાં ધર્મનિંદાના કાયદાને દુર કરાવવા માટે વિરોધ દર્શાવ્યો હતો.બ્રિટીશ વડા પ્રધાન પાકિસ્તાનના વડા પ્રધાન નવાઝ શરીફને મળ્યા હતા.ત્યારે ડાઉનીંગ સ્ટ્રીટ ખાતે પાકિસ્તાની ખ્રિસ્તીઓએ પાકિસ્તાનમાં ધર્મનિંદા ના કાયદાની ઓઠ હેઠળ લઘુમતી ખ્રિસ્તીઓને થતી હેરાનગતિ બંધ કરવા માટેમાંગણી કરાઇ હતી. આ કાયદાના દુરપયોગ કરીને પાકિસ્તાનમાં ખ્રિસ્તીઓને જેલમાં ધકેલી દેવામાં આવે છે.આ કાયદામાં ડાયરેકટ કે ઇનડાયરેકટ કોઇપણ વ્યક્તિ હોલી પ્રોફેટ મંહમદ સાહેબના નામ સાથે કોઇ પણ બાબતની વાત કરે તો તેને ધર્મનિંદા ગણીને દંડ,આજીવન કારાવાસ અને મૃત્યુદંડની સજા કરવામાં આવે છે.હવે પાકિસ્તાનમાં ધર્મનિદાના કાયદા હેઠળ અનેક ખ્રિસ્તીઓને દંડવામાં આવ્યા છે. પરિણામે દેશમાં કોમી તનાવ વધ્યો છે.લઘુમતીઓ સતત ભયમાં જીવી રહ્યા છે.તેઓની સામે કોઇ પણ દંડાત્મક કાર્યવાહી થશે તેવી ભીતી સેવી રહ્યા છે. હ્યુમન રાઇટ્સ ગ્રુપના જણાવ્યા પ્રમાણે કટ્ટરવાદી મુસ્લીમો દ્વારા વારંવાર આ કાયદાનો દુરપયોગ કરવમાં આવી રહ્યો છે.પોતાના અંગત સ્વાર્થો માટે પણ આ કાયદાનો દુરપયોગ થઇ રહ્યો છે.કન્ઝરવેટીવ હોમના આર્ટીકલમાં એમપી ગીલીન્ગહામ અને રેનહામ રેહમાન ચિસ્તી લખે છે કે ધર્મનિદાના કાયદા હેઠળ કેસોમાં વધારો થયો છે.છેલ્લા ૧૫ વર્ષોમાં ૧૨૭૪ લોકો પર આ કાયદા હેઠળ કેસો કરવામાં આવ્યા છે.તેથી વિદેશોમાં પણ પાકિસ્તાનની ઇમેજ ખરડાઇ છે.

---

અનુ. પાન નં. ૪ નુ ચાલુ

ગતિવિધિઓ સમજી શક્યો છે. તેને શાંતિ સહેજ છે.જેનામાં સમજનો અભાવ છે તે હંમેશાં દુ:ખી છે.મનને કાબુમાં રાખવુ એ ખાંડાના ખેલ જેવું છે. એકદમ ઉચ્છંખલ ઘોડાને પળોટવા બરાબર ગણાય છે. જો તે કાબુમાં ના રહે તો આપણને નુકશાન કરી શકે છે, તેથી તે સાવધાનીથી કરવુ પડે છે.મનને વશમાં રાખવામાં જો સહેજ ચુક થાય તે એના માઠા પરિણામ આવતાં હોય છે.

સંયમથી લડાઇ-ઝગડા થતા નથી.વેર વધતુ નથી.જ્યાં વિવાદ છે ત્યાં સંયમ હોતો નથી.સંયમ વિનાની જીંદગી એ કિનારા વિનાની નદી જેવી છે.એવી નદીનુ પાણી ક્યારે ક્યાં જાય તે કહેવાય નહી.જ્યાં કિનારો હોતો નથી ત્યાં આફત હોય છે.જેનુ મન ભટકતુ હોય છે, ત્યાં અશાંતિ જ હોય છે.સંયમ આ બધાનુ ઓસડ છે. સંયમ એ વહેતો પ્રવાહ છે. સંયમ સફળતાની કુંચી છે.માણસના વિકાસના પાયામાં સંયમ છે. કાકાસાહેબ કાલેલકરે કહ્યુ છે કે ‘સંયમ દ્વારા માણસની અનુભવ શક્તિ વધે છે.દરેક પ્રકારનુ સામર્થ્ય વધે છે.સારાસારનો ભેદ સમજવાની સુક્ષ્મ બુધ્ધિ વધે છે અને માનવજીવન સફળતા સુધી પહોચે છે.સંયમમાં જ જીવન સાફલ્યની પરાકાષ્ઠા છે. ‘

ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ. સંદેશ)

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮

**ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨

શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨

શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨

શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨

શ્રી પાઉલભાઇ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨

# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

૨૦૧૪ લોકસભાની ચુંટણી પર્વ ટાણે સહુ કોઇએ જીભનું પરાક્રમ જોયું છે.જીભે અનેકોના દિલ દુભવ્યા છે અને જીભે બોલેલા શબ્દોએ અર્થના અનર્થો કર્યો છે.પરંતુ જીભને નાથવાનો કોઇએ પ્રયત્ન કર્યો નથી.જાણી બુઝીને પ્રયત્ન કર્યો નથી એમ કહેવું પણ વ્યાજબી ઠરે તેમ છે.દરેકને જીભ વડે જીત મેળવવી છે અને તે ગમે છે પછી તે કોઇ પણ જાતનું નુકશાન કરે તો તે પણ ચાલી શકે છે.

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઇશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઇએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો- આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઇ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઇને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુ:ખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઇએ. સ્વાદનો આનંદ લેવો જોઇએ. આપણું પેટ કોઇ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઇ ખાઇએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઇપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઇએ તો કોઇપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદનો કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઇ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઇએ.કોઇપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઇએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઇશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઇચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

મોએઆઇનું સ્ટેચ્યુ વિશ્વના સૌથી ઊંચા શિલ્પોમાં સ્થાન ધરાવે છે.ઇ.સ.પુર્વે ૧૨૫૦ થી ૧૫૦૦ની વચ્ચે આ શિલ્પ બનાવવામાં આવ્યું હતું. આ સ્ટેચ્યુ તે સમયના પુર્વજોની ઝાંખી કરાવે છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# બે સપ્તાહ પહેલા નાઇજીરીયામાંથી બોકો હરામ ઇસ્લામીક આતંકી ગ્રુપે ૨૦૦થી વધુ સ્કુલ કન્યાઓ અને મહિલાઓના અપહરણ કર્યા હતા તેના છુટકારા માટે મહિલાઓના દેખાવો







બોકો હરામ આતંકીઓ દ્વારા સ્કુલની છોકરીઓ અને કેટલીક મહિલાઓનું અપહરણ કરાયા બાદ એક નાગરિક સંગઠને આપેલ સમાચારો મુજબ બોકો હરામના આંતકીઓના નેટવર્ક દ્વારા અપહરણ કરાયેલ વિદ્યાર્થીઓની માટે ખંડણી માંગવામાં આવી રહી છે.તે રકમ આપ્યા બાદ તેમાંથી કેટલાકનો છુટકારો થશે. તેવું એસોસીયેટેડ પ્રેસે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બુધવાર રાત્રીએ મળેલ સમાચારો મુજબ બો છોકરીઓના સાપ કરડવાથી મોત નિપજ્યા હતા.આ સંદેશો પ્રેસિડેન્ટલ કમિટિના સભ્યને પહોચાડવામાં આવ્યો હતો.ગત વર્ષે આ આતંકી ગ્રુપો સાથે સીઝફાયર કરવામાં આવ્યો હતો.તેણે બીજી કોઇ શરતો કે ચર્ચા કરવા માટે પોતાને અધિકાર નથી તેવું આ વ્યક્તિએ જણાવ્યું હતું.

છુટકારા માટે વાર્તાકારો ચર્ચા કરી રહ્યા છે તે બાબતે કેટલાક વાલીઓએ જણાવ્યું હતું કે અપહરણ કરાયેલ કેટલીક છોકરીઓને બોકો હરામના મીલીટંટોને લગ્ન માટે વેચવામાં આવી રહી છે.જે છોકરી આ આતંકી સાથે લગ્ન કરે તેને ૧૨ યુ.એસ. ડોલર આપવામાં આવશે.તેવું હલીટે અલીયુ ઓફ ધ બોર્નો યોબી પીપલ્સ ફોરમે ધ એસોસીએટેડ પ્રેસને જણાવ્યું હતું.તેણીએ કહ્યું હતું કે લગ્ન બાબતે વાલીઓ તરફથી મળેલ માહીતી મુજબ,આ માસ મેરેજ અંગેની માહીતી સામબીસા ફોરેસ્ટના એક વીલેજરે આપી હતી.જે નાઈજીરીયા અને કેમરુનની સરહદ પર આવેલ જગ્યા છે.અને બોકો હરામના આતાંકીઓને છુપાવા માટેના આ જંગલો છે.છેલ્લા અહેવાલ મુજબ આતંકીઓ અપહરણ કરાયેલાઓને સરહદની પાર લઈ જઈ રહ્યા છે કેટલાક કેમરુન અને ચેડની સરહદમાં છે.અલીયુ ના જણાવ્યા પ્રમાણે કેટલીક છોકરીઓ ત્યાં તેમની સાથે છે તેનો આંકડો મળવો મુશ્કેલ છે.પરંતુ ૨૦૦ જેટલી કન્યાઓનું અપહરણ કરાયું છે અને આ બધી છોકરીઓ અને મહિલાઓ બોકો હરામના ટેરરીસ્ટોના નેટવર્કમાં છેલ્લા બે સપ્તાહથી બંધક છે.

આ પૈકીની કેટલીક છોકરીઓ આ આતંકીઓને પરણી ચુકી છે.જે એક પ્રકારની ગુલામી છે.એવું કહેવાય છે કે તમે જાવ અને કોઈ સ્ત્રીને ઉપાડી લાવો અને પછી તેને વેચી દો.એક સામાજીક નેતા,પોગુ બીટ્રસ, ચીબોકનાએ જણાવ્યું હતું કે જ્યાં છોકરીઓને ઉપાડી જવાય છે ત્યાં આવું બને છે.આ બાબત તેમણે બીબીસી હૌસા સર્વીસને જણાવી હતી. હજારો સ્ત્રીઓએ આ અપહરણ કરાયેલ કન્યાઓ અને મહિલાઓને છોડાવવા માટે હિંમત પુર્વક નાઈજીરીયાની નેશનલ એસેમ્બલી ખાતે ભારે વરસાદમાં માર્ચ કરી હતી.અને સરકારની અપહરણ કરાયેલ કન્યાઓ અને મહિલાઓ પ્રત્યેની બેદરકારીને ભાંડી હતી.કાનો,નાઈજીરીયાના બીજા મોટા શહેરમાં પણ મહિલાઓએ સરકાર વિરુધ્ધ પ્રદર્શનો કર્યા હતા.વિરોધ પક્ષોએ એવુ જણાવ્યું હતું કે અમારા પાવરમાં જે હશે તે અમો કરીશું.પરંતુ બે સપ્તાહ આ ઘટનાને થઈ ચુકયા છે હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી,તોવું એકટીવીસ્ટ મર્સી આસુ એબાંગે જણાવ્યુ હતું.અમોને અમારી દીકરીઓ જીવતી અને કોઈપણ જાતના નુકશાન વગર પાછી અમારા ઘેર જોઈએ છે.ગતમાસમં કોનડુગા ટાઉન જે બોર્નો ખાતે આવેલ છે ત્યાંથી આતાંકી ઈસ્લામીક ગ્રુપે ૨૫ છોકરીઓનું અપરહણ કર્યુ હતું તેનો પણ પત્તો મળ્યો નથી.આ વિસ્તારના ફેડરેલ સેનેટરના જણાવ્યા મુજબ મીલીટરી આ પરિસ્થિતિથી વાકેફ છે.તેઓ અપહરણકર્તાઓ અને જેમનું અપહરણ થયું છે તે બાબતે ચોક્કસ માહીતી ધરાવે છે.તેમને તેઓ માહીતી આપે છે.પરંતુ બે ત્રણ દિવસમાં આ આતાંકીઓ પોતાનો પડાવ બદલી નાંખે છે.નાઈજીરીયાની સરકાર માટે આ એક ખુબજ કમનસીબ બાબત છે કે તોઓ હજુ સુધી અપહરણકારોના બાનમાંથી આ કન્યાઓને છોડાવી શકયા નથી. પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે.








## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી
કે લગ્ન
સબંધી,જાહેરાત
વિશાળ વાચક વર્ગ
સુધી ઝડપથી
પહોચાડવા માટે
અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

# અપેક્ષાઓ જીવનમાં સ્વયં પ્રશ્નો સર્જે છે

આપણા જીવનમાં ઘણાખરા પ્રશ્નો આપણે સ્વંય સર્જેલા હોય છે.દુ:ખી દેખાતા માણસના દુ:ખનું કારણ તપાસવાથી ત્રણ અક્ષરનો એક શબ્દ તમારા હાથમાં આવશે ,અપેક્ષા. માણસ જીંદગીભર અપેક્ષાઓ વચ્ચે જીવે છે. એક યુની.ના કુલપતિને એમના નિકટતમ મિત્રએ પુછ્યુ , યાર આજકાલ તારા ચહેરા પર વ્યગ્રતાના ભાવો કેમ વર્તાય છે ? તું દુ:ખી કેમ છે ? સાહેબનો ઉત્તર સાંભળો : હવે મારી ટર્મ પુરી થવાની. બીજું સત્ર મળે તે માટે ભરપુર કોશિશ કરુ છું.બધાને ખુશ રાખું છું. સૌના ચરણસ્પર્શ કરી ચુક્યો છું. પરંતુ મારુ સમ્રાટપદ લંબાય એવા કોઈ એંધાણ વર્તાતા નથી.અમેરિકાનો પ્રેસિડેન્ટ પોતાની ટર્મ પુરી થાય એટલે ફરીથી યુની.માં પ્રોફેસર બની જશે. ભારતના કુલપતિને રજવાડું છોડ્યા પથી પોતાની કોલેજમાં પ્રોફેસર તરીકે પુન : જોડાવવાનું મંજુર નથી. જીંદગી પોતાની રીતે વહેતી રહે છે.આપણને શુ મળશે અને શું નહી મળે એ નક્કી કરનારા પરિબળો અનેક છે.કર્મ કર્યા પછી ફળની અપેક્ષા ન રાખવાની સલાહ ભગવદ ગીતામાંથી આપણને મળેલી છે.છતાં પ્રત્યેક માણસ જાણ્યે-અજાણ્યે અપેક્ષાઓ રાખીને દુ:ખી થતો રહે છે. અમેરિકામાં નુતન વર્ષની સાંજે મંદિરમાં દર્શન કર્યા પછી એક વરિષ્ઠ નાગરિકે મને જયશ્રી કૃષ્ણ કહીને પોતાની વેદના ઠાલવવાનું શરુ કર્યું.ત્રણ મહિનાના પરિચય પછી અમારી વચ્ચે થોડીક આત્મીયતા બંધાઈ હતી. એટલે મારી સમક્ષ હૈયું ખોલવામાં એમને સંકોચ નહોતો થયો.એમણે કહ્યું : સાહેબ, જમાનો બદલાઈ ગયો છે. માણસોમાં નમ્રતા,વિવેક,શિષ્ટાચાર જેવું કંઈ રહ્યું નથી.મારો દિકરો પત્ની અને બાળકો સાથે અમદાવાદમાં રહે છે. નુતનવર્ષનો પહેલો દિવસ પુરો થઈ ગયો છતાં જયશ્રીકૃષ્ણ કહેવા પુરતો કે આર્શીવાદ માંગવા માટે એનો ફોન ન આવ્યો. મે એમને એકજ વાત કરી, અપેક્ષા રાખો તો દુ:ખી થવું પડેને ? એમનો કે પુત્રવધુનો તમારા આર્શીવાદની જરુર નથી એમ સમજીને વાતને ભુલી જાઓ.હૃદયની ઉદારતા દાખવીને તમે સામેથી ફોન કરીને શુભેચ્છાઓ પાઠવો તો સારુ લાગશે.

અપેક્ષા ન સંતોષાવાથી દુ:ખી રહેનારાઓની લાંબી યાદી છે.કોની કોની વાતો કરુ ?શાળા પ્રશાસનના કક્કો બારાખડી જેમને નથી આવડતા એવા એક મહિલા આચાર્ય શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા પાંચ વર્ષથી પોતાની ફાઈલ મુકતા હતા. અને અપેક્ષા ન સંતોષાવાથી દુ:ખી થતા હતા. છેવટે એમના સંપર્કો કામ કરી ગયા એમનો એવોર્ડ મળી ગયો.અખબારમાં ફોટો છપાઈ ગયો. ઘર ભરાઈ જાય એટલા પુષ્પગુચ્છો ઉઘરાવી લીધા. હું ઈન્ડીયા આવ્યો પછી નુતન વર્ષ નિમિત્તે મળવા આવ્યા તો દુ:ખી હતા. મે વિવેકપુર્ણ પુછી લીધું, બહેન વિષાદયોગ ચાલે છે ?શું કારણ છે ? એમનો ઉત્તર સાંભળો : મે રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મુકવા માટે ફાઈલ મુકી હતી. લાગવગથી એ એવોર્ડ બીજાને મળી ગયો.... આપણને દુ:ખ તો થાય ને..સાહેબ. એક કૌભાંડીશાસ્ત્રી બી.એડ. સ્વનિર્ભર કોલેજના લાચાર, પુરતો પગાર ન મળવાથી ભુખે મરી રહેલા આચાર્યને કહેતા સંભળાયા : આ વર્ષે પણ તમે મને કોલેજમાં વ્યાખ્યાન આપવા ન બોલાવ્યો. હું ખુબ દુ:ખી છું અને તમારાથી નારાજ છું.

અપક્ષા રાખનાર માણસોએ ઈતિહાસમાંથી બોધ ગ્રહણ કરવાની જરુર છે.મશહુર ફિલ્મ કલાકારો રાજેશ ખન્ના અને દેવાનંદ એક જ કારણથી દુ:ખી રહેતા અને એમના અંતિમ વર્ષો ખુબ પીડાજનક રહ્યા.એમની અપેક્ષા શી હતી ? અમારો સુર્ય મધ્યાહ્નને તપતો હતો ત્યારે સિનેરસીકો અમારી પાછળ પાગલ હતા.અમે ઉડત પક્ષીઓને અમારી નજરના એક ઈશારે અમારા ચરણોમાં હાજર કરી દેતા હતા.ક્યાં વહી ગયા એ દિવસો ? વિતેલા વર્ષોને ફરીથી જીવવાની એમની અપેક્ષાઓએ એમને શાંતિથી મરવા યે ન દીધા.

માણસ જ્યારે અપેક્ષાઓ રચે છે ત્યારે જીવનમાં દંભ પ્રવેશે છે.અપેક્ષા સંતોષાય તે માટેના પેતરા રચાય છે.નોકરી મેળવવા માટે, બઢતી પામવા માટે,રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવવા માટે,યુની. પરિક્ષામાં ગોલ્ડ મેડલ મેળવવા માટે, કે ડોકટરેટ ડીગ્રી ધારણ કરવા માટે માણસ બધું જ સર્મપિત કરવા તૈયાર થઈ જાય છે.આખેઆખો માણસ જીવતો વેચાઈ જાય છે.કારણકે અપેક્ષાઓને સંતોષવાની છે. એક પ્રોફેસર યુની.માંથી નિવૃતથયા તેના ત્રણ વર્ષ પુર્વે એક અપેક્ષા રચીને બેઠા હતા. કોઈ લેભાગુ સંસ્થામાં નિયામક બનીને બેસી જવું.પછી તો સ્વનિર્ભર સંસ્થાના માલિકની કદમબોશી શરુ થઈ.સાહેબ, આપ તો વિદ્યા જગતના ભગવાન છો. દેવતા છો.પુણ્યશાળી જીંદગી બનાવી રહ્યા છો.અધ્યાપકોના અન્નદાતા છો(પંદર હજાર આપીને પીસ્તાલીસ હજાર પર સહી લેનારા તો અન્નદાતા જ કહેવાય ને )સર, આ નાચીઝ બંદાનું પણ ધ્યાન રાખજો.અમારા પર રહેમનજર રાખજો.પ્રભુ, પ્રિય વાચકમિત્રો, સહેજ પણ અતિશયોક્તિ વગરની આ સત્ય ઘટનાઓ છે.જ્યારે આપણી અપેક્ષાઓ આપણી યોગ્યતા સાથે, આપણી પાત્રતા સાથે સુસંગત ન હોય ત્યારે અપેક્ષા પુર્ણ કરવા જાતને વેચી દેવી પડે છે.પરિણામ, અપેક્ષા સંતોષાય પછી પણ કાયમ દુ:ખી રહેવાનું. અપેક્ષાઓ રચવાનો અર્થ જ એ છે કે તેને પુર્ણ કરનાર વ્યક્તિની શરણાગતિ સ્વીકારવી, તેમને તાબે થવું અને તેમને ખુશ રાખવા.ફિલ્મમાં રોલ મેળવવાની અપેક્ષા, ધારાસભા કે સંસદની ટીકીટ મેળવવાની અપેક્ષા, વડાપ્રધાન બનાવાની અપેક્ષા, આ બધી અપેક્ષાઓ માણસને કેટલી હદે સમાધાનો કરવા મજબુર કરે છે.આપણા સૌના અનુભવનો અને અવલોકનનો વિષય છે.

અપેક્ષાઓ રચીને દુ:ખી થવાથી બચવાનો એક જ ઉપાય છે . જે પ્રાપ્ત કરવાની અને જેને પ્રાપ્ત કરવાની આપણાંમાં કાબેલિયત છે એ પ્રાપ્ત થાય તે માટે ઈમાનદારી પુર્વક પુરી નિષ્ઠાથી પ્રયત્નો કરવા. દંભ આચરીને કે કુપાત્રોની ખુશામદ કરીને કંઈ જ મેળવવાની અપેક્ષા ન રાખવી. જો અપેક્ષાઓ આપણી ક્ષમતાઓને સુસંગત હશે તો આપમેળે ફળિભુત થશે. આપણે તેને સેવવાની જરુર નથી.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)

# નિર્ણયશક્તિના અભાવે સંયમ પાળી શકાતો નથી

માણસમાં જો નિર્ણયશક્તિન હોય, તે સંયમ પાળી શકતો નથી. સંયમ માટે દ્દઢતા જોઈએ.ગાંધીજીએ કહ્યુ છે કે 'દુર્બળ મનનો માણસ સંયમ પાલન કરી શકતો નથી, પણ જેના મનમાં લગની હોય તે અભ્યાસથી સંયમ પાલન કરી શકે છે,અભ્યાસથી સંયમ પાલન એટલે મનની મજબુતાઈ,મન જો દ્રીધામાં હોય તો સંયમ પાળી શકાતો નથી. એક વખત કોઈ પણ કામ મનથી નક્કી થાય, પછી એમાંથી જે ડગતો નથી,કંઈ પણ થાય તોય જે પોતાની દીશામાં આગળ વધે છે એજ સાચો સંયમી 'અમુક વસ્તુ ખાવાની નથી, એવું નક્કી કર્યા પછી એ જ વસ્તુ સામે આવે અને જો મન લલચાય તો એનો અર્થ સરતો નથી. મહાત્માઓએ તો પોતાની ઈન્દ્રીયોને કાબુમાં રાખવાની વાત કરેલી છે.સુલેમાને કહ્યુ છે કે ' જેને ઈન્દ્રીયો વશમાં નથી એ દીવાલો પડી ગયેલા મકાન જેવો છે'જે મકાનને દીવાલો જ ન હોય, એને મકાન કેવી રીતે કહેવાય ?આપણી ઈન્દ્રીયોનુ પણ એવું જ છે. ઈન્દ્રીયો ઉપરનો કાબુ એ માણસની સિધ્ધિ ગણાય છે. જો ઈન્દ્રીયોને છુટો દોર આપવામાં આવ્યો હોય તો એનાં પરિણામો સારા આવતાં નથી.સારુ એ મારુ એવી ઈચ્છા રાખવી એ મુર્ખામી છે.બાઈબલમાં કહ્યુ છે કે 'દુરાચારીણી સ્ત્રીના સોદર્ય પર ન તો પોતાના હ્યદયને મુગ્ધ થવા દો કે ન તો પોતાની જાતને તેની ચંચળ દષ્ટ્રિનો શિકાર થવા દો' એનાથી દુર રહેવુ એમાં જ આપણુ હિત છે, નહિતર પતન તો નિશ્ચિત છે જ.

ચીનમાં કહેવત છે કે ' ઓછું ખાવ, લાંબુ જીવો ', આપણા બધાંજ શાસ્ત્રો એકજ અવાજે કહે છે કે ભુખ કરતાં ઓછું ખાવ,જઠરને થોડુ ખાલી રહેવા દો. અકરાંતિયાની જેમ ખાઈને મોતને કે રોગને આમંત્રણ આપવુ જોઈએ નહી.આ બધુંજ હોવા છતાં આપણી જીભને જે સ્વાદ લાગે છે તે છુટતો નથી. ભોજન અને ભાષણમાં સંયમ રાખો.અતિ ભોજન અને અતિ ભાષણ બંને પ્રાણનો તરત જ નાશ કરે છે. ગુજરાતીમાં કહેવત છે કે 'જે વધારે ખાય તે લુખ્ખુ અને વધારે બોલે તે જુઠ્ઠુ ' ખાવામાં અને બોલવામાં સંયમ રાખવાથી ઘણા ફાયદા થાય છે.મનને લગામ લગાવવી જોઈએ. એની સાથે બધી જ ઈન્દ્રીયોને કાબુમાં રાખવા માટે સરળતા રહે છે. કોઈ પણ બેકાબુ હોય તો તે નુકશાન કરે છે.ઈન્દ્રીયોનુ પુર માણસને ખતમ કરી શકે છે.આત્મસંયમ માણસનો ઉગારે છે.મનની શાંતિ એ બધાજ દુ:ખોની દવા છે.જે વિદ્વાન છે, સમજુ છે, શાસ્ત્રોન અભ્યાસ કરેલો છે,જે મનની

અનુ. પાન નં. ૨ ઉપર

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગલીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭
શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩
શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.